# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-01-2026 Day: Tuesday Morning : 6.40 to 6.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-સોમનાથની મુલાકાતે:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી રવિવારે ગુજરાતના સોમનાથની મુલાકાત લેશે. અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે સોમનાથ ખાતે વર્ષભરની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

સોમનાથ પરના પહેલા હુમલાને 2026માં એક હજાર વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે આગામી 8 થી 11 જાન્યુઆરી દરમિયાન સોમનાથમાં અનેક આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ યોજાશે.

---------------------------------------------------------------------------------------------

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી VGRC અંગે બેઠક:

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11 તારીખે રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCનું ઉદ્ઘાટન કરશે. રાજકોટની કલેક્ટર કચેરી ખાતે પત્રકારોને સંબોધતા શ્રી સંઘવીએ VGRC બાદ સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોટાપાયે રોકાણ આવશે તેવી આશા વ્યક્ત કરી.

આ પહેલા શ્રી સંઘવીએ રાજકોટમાં સૌરાષ્ટ્ર—કચ્છના ઉદ્યોગકારો સાથે સંવાદ કર્યો. તેમણે રાજ્ય સરકાર હંમેશા ઉદ્યોગોની સાથે હોવાની ખાતરી પણ આપી. આ પ્રસંગે શ્રી સંઘવીએ 10 હજાર 435 ઉદ્યોગ-સાહસિકને 965 કરોડ રૂપિયાથી વધુની પ્રોત્સાહક સહાય વિતરણ અને ઉદ્યોગ વિભાગની વિવિધ યોજના હેઠળ 137 ઉદ્યોગને અંદાજે 661 કરોડ રૂપિયાના મંજૂરીપત્રનું વિતરણ કર્યું.

---------------------------------------------------------------------------------------------

# ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે સાંસદ સાથે સંવાદ:

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે સાંસદની અધ્યક્ષતામાં સંવાદસત્ર યોજાયું જેમાં વિવિધ ક્ષેત્રના પ્રશ્નોની રજૂઆત કરાઈ.

બજેટ 2026 અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશમાં સાંસદોને તેમના વિસ્તારના વ્યાપાર, ઉદ્યોગ અને ટ્રેડ ક્ષેત્ર સાથે સીધો સંવાદ કરીને જમીની સ્તરની સમસ્યાઓ અને વ્યવહારુ સૂચનો એકત્ર કરવાની સૂચના અંગે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે યોજાયેલી આ બેઠકમાં કચ્છના વ્યાપાર-ઉદ્યોગના વિવિધ મુદ્દા અંગે સંવાદ યોજાયો.

આ પ્રસંગે બોલતા સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સ્પષ્ટ દૃષ્ટિ છે કે, બજેટ ઘડતી વખતે વાસ્તવિક જરૂરિયાતો અને સમસ્યાઓનો સમાવેશ થવો જોઈએ,ત્યારે ચેમ્બર દ્વારા સક્રિય સંગઠનના માધ્યમથી મળતી માંગ અને સૂચનોને જવાબદારીપૂર્વક પ્રધાનમંત્રી અને સંબંધિત મંત્રાલય સમક્ષ રજૂ કરશે, તેવું તેમણે ઉમેર્યું હતું.

-----------------------------------------------------------------------------------------

# બ્લુ ઈકોનોમી-કચ્છનું યોગદાન:

આવનારા સમયમાં દેશના આર્થિક વિકાસમાં બ્લુ ઈકોનોમી મહત્વપુર્ણ ભાગ ભજવશે, ત્યારે રાજ્યમાં કચ્છ સૌથી વધુ દરિયાઈ વિસ્તાર ધરાવતો હોવાથી આવનારા સમયમાં બ્લુ ઈકોનોમીના વિકાસમાં કચ્છ મહત્વપુર્ણ યોગદાન આપી શકે તેવુ મનાઈ રહ્યુ છે. રાજ્યમાં મત્સત્ય ઉત્પાદનમાં વધારો કરવા અને માછીમારોને આર્થિક રીતે સમુધ્ધ કરવા લેવાઈ રહેલા વિવિધ પ્રોત્સાહક પગલાઓ અને નિતિઓને પરિણામે રાજ્ય આજે દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર છે.

બ્લુ ઈકોનોમી અંર્તગત સમુદ્ર આધારીત સમગ્ર આર્થિક માળખાના વિકાસનો સમાવેશ થાય છે. જે અંર્તગત જખૌ બંદરે 121 કરોડ રૂપિયાના ખર્ચે આધુનિક જેટી તથા હાર્બર બનશે.કોરીક્રિક વિસ્તારમાં દરિયાઈ સેવાળ,ગ્લેશીલેરીયા પ્રજાતિની ખેતી કરાય છે. 1 હજાર પાંચસો જેટલા માછીમારોને આ અંગે વિના મુલ્યે તાલીમ અપાય છે. માછીમારોની આજીવિકામાં વધારો થાય તેવા હેતુથી પ્રધાનમંત્રી મત્સય યોજના સમગ્ર દેશમાં લાગુ કરાઈ છે,જે માછીમારોનું સામાજીક આર્થિક કલ્યાણ સુનિચ્છીત કરશે. આગામી 11 અને 12મી જાન્યુઆરી દરમ્યાન રાજકોટ ખાતે વાયબ્રન્ટ

ગુજરાત રીઝનલ કોન્ફરન્સમાં કચ્છ સૌરાષ્ટ્રમાં સિવિડ ફાર્મિંગ ક્ષેત્રે હાંસલ કરેલી નોંધપાત્ર પ્રગતિને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરાશે.

-----------------------------------------------------------------------------------------------

## રોગાન કળાના કસબી હાસમ ખત્રીને 2024નો આંતરાષ્ટ્રીય ક્રાફ્ટ એવોર્ડ:

કચ્છની જાણીતી રોગાન કલાને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના અપાવનાર નિરોણાની કલાના બુઝુર્ગ કસબી આરબ હાસમ ખત્રીની વર્ષ 2024ના આંતરરરાષ્ટ્રીય લાઇફટાઇમ એચિવમેન્ટ ઇન્ટરનેશનલ ક્રાફ્ટ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. વ્યક્તિએ સમગ્ર જીવનકાળ દરમ્યાન કોઇપણ ક્ષેત્રમાં કરેલા નોંધપાત્ર યોગદાન અને સિદ્ધિઓ માટે આ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. દિલ્હીની વિલેજ ક્રાફ્ટ સંસ્થાની ખાસ આંતરરાષ્ટ્રીય પસંદગી સમિતિ દ્વારા વર્ષ 2024 માટે નિરોણાની રોગાન કલામાં સમગ્ર જીવન સમર્પિત કરનાર 67 વર્ષીય ખત્રી આરબ હાસમની પુરસ્કાર માટે પાત્રતા ઠરી છે. તેમણે 1991માં રાજ્યનો એવોર્ડ, 2006માં રાષ્ટ્રીય કક્ષાએ મેરિટ સર્ટિફિકેટ અને 2016માં આંતરરાષ્ટ્રીય એવોર્ડ જેવી કલા ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

-----------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

ભારતની 19 વર્ષની નીચેની વયના યુવા ક્રિકેટ ટીમે દક્ષિણ આફ્રિકાની યુવા ટીમને બીજી વન ડે મેચમાં આઠ વિકેટે હરાવી ત્રણ મેચની શ્રેણી બે વિરુદ્ધ શૂન્ય મેચથી જીતી લીધી છે. દક્ષિણ આફ્રિકામાં રમાતી મેચમાં દક્ષિણ આફ્રિકએ 245 રન કર્યા હતા, એ પછી વરસાદના વિઘ્ન વચ્ચે ડી.એલ.એસના આધારે વિજય લક્ષ્ય 176 રનનું કરી નાખ્યું હતું. ભારતીય યુવા ટીમે બે વિકેટ ગુમાવી મેચ જીતી લીધી હતી.

-----------------------------------------------------------------------------------------------